## કાર્તિક આર્યને સિદ્ધિવિનાયક મંદિરે દર્શન કરી 2025ની શરૂઆત કરી




મુંબઈ, તા. 1: કાર્તિક આર્યન નવા વર્ષનું સકારાત્મક રીતે સ્વાગત કરી રહ્યો છે. 'ચંદુ ચેમ્પિયન' અને 'ભૂલભૂલૈયા 3'ની રિલીઝ સાથે 2023માં શાનદાર પ્રદર્શન કરનાર અભિનેતાએ મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરે દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરી હતી. તેણે લાંબા વાળ અને દાઢી સાથે એક નવો લુક પણ અપનાવ્યો હતો.

ઇન્સ્ટાગ્રામ પર પાપારાઝી એકાઉન્ટ શેર કરવામાં આવેલ નવા વીડિયોમાં કાર્તિક સિદ્ધિવિનાયક મંદિર તરફ જતો જોવા મળ્યો હતો. અભિનેતાએ લાલ શર્ટ અને સફેદ ટ્રાઉઝર સાથેના નવા દેખાવથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે લાંબા વાળ અને ભારે દાઢી રાખી હતી.

## દિલ્હીમાં 40 વર્ષીય વેપારીએ આત્મહત્યા કરી

**પરિવારે** પત્ની, સાસરિયાંના ત્રાસનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ)

ઉત્તર પશ્ચિમ દિલ્હીના કલ્યાણ વિહાર વિસ્તારમાં એક 40 વર્ષીય વ્યક્તિએ કથિત રીતે તેના નિવાસસ્થાને સીલિંગ ફેન સાથે લટકીને આત્મહત્યા કરી લીધી હતી. એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

પુનીત ખુરાના નામના વેપારી તરીકે ઓળખાયેલા મૃતકના પરિવારજનોએ વેપારીની પત્ની અને સાસરિયાંઓ પર આરોપો લગાવ્યા છે.

ડેપ્યુટી કમિશનરે (ડીસીપી), નોર્થવેસ્ટ, ભીષ્મ સિંહે જણાવ્યું હતું કે, ''ખુરાનાના પિતા ત્રિલોક નાથે તેનો મોબાઈલ ફોન અને અન્ય સંબંધિત વસ્તુઓ રજૂ કરી છે. મૃતકનો મોબાઈલ ફોન અને અન્ય સંબંધિત વસ્તુઓ પોલીસ કબજામાં લેવામાં આવી છે. પોસ્ટમોર્ટમ પછી મૃતદેહ પરિવારના સભ્યોને સોંપવામાં આવશે.''

ડીસીપીએ વધુમાં જણાવ્યું હતું કે, આ ઘટના અંગેની સૂચના 31 ડિસેમ્બરે લગભગ 4:18 કલાકે મળી હતી.

''ઘટનાની જાણ થતાં તરત જ એક ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. ટીમને ખુરાના તેના પલંગ પર બેહોશ જોવા મળ્યો હતો અને તેની ગરદનની આસપાસ એક નિશાન હતું, જે ફાંસીથી મૃત્યુનો સંકેત આપે છે. વધુ તપાસ ચાલુ છે. મીડિયા સાથે વાત કરતી વખતે ખુરાનાના પિતાએ તેમની પત્ની અને સાસરિયાંઓ પર આરોપો લગાવ્યા હતા. તેણે કહ્યું કે તેઓ લગભગ દરરોજ તેને નાણાકીય અને સંપત્તિના મુદ્દાઓ પર ધમકાવતા હતા.

## 2023-24માં શાળામાં નોંધણીમાં 37 લાખ વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ)

શિક્ષણ મંત્રાલયના યુડીઆઈએસઈ ડેટા દર્શાવે છે કે, અગાઉના વર્ષની સરખામણીએ 2023-24માં ભારતભરની શાળાઓમાં નોંધણીમાં 37 લાખનો ઘટાડો થયો છે.

યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (યુડીઆઈએસઈ) પ્લસ એ સમગ્ર દેશમાંથી શાળા શિક્ષણ ડેટાને એકત્ર કરવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા જાળવવામાં આવેલ ડેટા એકત્રીકરણ પ્લેટફોર્મ છે.

વર્ષ 2022-23માં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા 25.17 કરોડ હતી, જ્યારે 2023-24ના આંકડા 24.80 કરોડ હતા. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ગર્લ સ્ટુડન્ટ્સની સંખ્યામાં 16 લાખનો ઘટાડો થયો છે, જ્યારે છોકરાઓની સંખ્યામાં 21 લાખનો ઘટાડો થયો છે. કુલ નોંધણીમાં લઘુમતીઓનું પ્રતિનિધિત્વ લગભગ 20 ટકા હતું. લઘુમતીઓમાં 79.6 ટકા મુસ્લિમો, 10 ટકા ખ્રિસ્તીઓ, 6.9 ટકા શીખ, 2.2 ટકા બૌદ્ધ, 1.3 ટકા જૈન અને 0.1 ટકા પારસી હતા.

રાષ્ટ્રીય સ્તરે યુડીઆઈએસઈ+ માં નોંધાયેલા 26.9 ટકા વિદ્યાર્થીઓ સામાન્ય શ્રેણીમાંથી, 18 ટકા અનુસૂચિત જાતિમાંથી, 9.9 ટકા અનુસૂચિત જનજાતિમાંથી અને 45.2 ટકા અન્ય પછાત વર્ગના વર્ગમાંથી હતા.

યુડીઆઈએસઈ+ 2023-24 એ વિશિષ્ટતા સ્થાપિત કરવા માટે સ્વૈચ્છિક ધોરણે વિદ્યાર્થીઓના આધાર નંબરો સાથેનો ડેટા એકત્રિત કરવાનો પ્રયાસ કર્યો. એકંદરે, 2023-24 સુધીમાં 19.7 કરોડથી વધુ વિદ્યાર્થીઓએ આધાર નંબર પૂરા પાડ્યા હતા.

## મણિપુરમાં હથિયારો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત

ઈમ્ફાલ, તા. 1 (પીટીઆઈ): મણિપુરના બિષ્ણુપુર અને થૌબલ જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ હથિયારો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. એમ બુધવારે એક પોલીસ નિવેદનમાં જણાવાયું હતું.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બિષ્ણુપુર જિલ્લાના થોંગખોંગલોક ગામમાંથી સુરક્ષા દળોએ મંગળવારે એક મેગેઝિન સાથે એક એસએલઆર, એક.303 રાઈફલ, એક 12 બોરની સિંગલ બેરલ ગન, મેગેઝિન સાથેની બે 9એમએમ પિસ્તોલ, એક એન્ટી રાઈટ ગન, બે ઈનસાસ એલએમજી મેગેઝિન, બે ઈનસાસ રાઈફલ મેગેઝિન, ચાર હેન્ડ ગ્રેનેડ, એક ડિટોનેટર, પાંચ એન્ટી રાઈટ શેલ, દારૂગોળો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે. નિવેદનમાં કહેવાયું છે કે, સુરક્ષા દળોએ થોબલ જિલ્લના લીશાંગથેમ ઈકોપ પાટ વિસ્તારમાંથી એક એન્ટી મટિરિયલ રાઈફલ (એએમઆર) સ્નાઈપર, બે સિંગલ બોલ્ટ એક્શન રાઈફલ, ત્રણ 9 એમએમ પિસ્તોલ (દેશની બનાવટ), એક હેન્ડ ગ્રેનેડ, ચાર એમકે-13ટી અને દારૂગોળો જપ્ત કર્યો છે. દરમિયાન પોલીસે મંગળવારે ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં બંગાળી ક્રોસિંગ નજીક મંત્રીપુખરી બજારમાંથી ગેરવસૂલીમાં સામેલ પ્રતિબંધિત સંગઠન કંગલીપાક કમ્યુનિસ્ટ પાર્ટી (પીપલ્સ વોર ગ્રુપ)ના સભ્યની ધરપકડ કરી હતી.

તેના કબજામાંથી મેગેઝિન સાથેની એક 9એમએમ પિસ્તોલ, કેસીપી (પીડબ્લ્યુજી)ની બે મની રસીદો અને અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

## ઈન્ફ્લુઅન્સરે 20 મિનિટમાં વ્હિસ્કીની બે બોટલ પીને રૂ. 75,000ની શરત જીતી, મોત થયું

નવી દિલ્હી, તા. 1: દારૂ પીવાની શરત એક 21 વર્ષીય સોશિયલ મીડિયા પ્રભાવક માટે જીવલેણ બની ગઈ હતી, જેનું મૃત્યુ થયું હતું. જ્યારે તેણે માત્ર 20 જ મિનિટમાં વ્હિસ્કીની બે બોટલ પી લીધી હતી. કારણ કે, તેને દારૂ પીવા માટે પૈસાની ઓફર કરવામાં આવી હતી. થાઈલેન્ડમાં ઓનલાઈન બેંક લેસ્ટર તરીકે ઓળખાતા થનાકર્ન કાંથીને શરતના ભાગરૂપે દારૂની બોટલો પીવા માટે 30,000 થાઈ બાલ્ટ (રૂ.75,228)ની ઓફર કરવામાં આવી હતી. જોકે, કાંથી માટે આ અસામાન્ય ન હતું. કારણ કે, ભૂતકાળમાં તેણે પૈસા માટે હેન્ડ સેનિટાઇઝર અને વસાબી પીવા જેવી ચેલેન્જનો સામનો કર્યો હતો.

બેંગકોક પોસ્ટના અહેવાલ મુજબ, તાજેતરમાં ક્રિસમસ પર ચંથાબુરીના થા માઈ જિલ્લામાં જન્મદિવસની પાર્ટી દરમિયાન કાંથીને 10,000 બાલ્ટ પ્રતિ બોટલના બદલામાં રિજન્સી વ્હિસ્કીની 350મિલીલીટર બોટલ પીવા માટે ચેલેન્જ આપવામાં આવી હતી.

# મહારાષ્ટ્રના જલગાંવના એક ગામમાં બે જૂથો વચ્ચે અથડામણ બાદ કર્ફ્યુ



**શિવસેનાના** એક મંત્રીની કારના ડ્રાઈવર અને સ્થાનિકોના એક જૂથ વચ્ચે બોલાચાલી બાદ ધમાલ શરૂ થઈ

**ગામની** કેટલીક દુકાનોમાં આગચંપી કરાઈ, 7 લોકોની ધરપકડ

મુંબઈ, તા. 1 (પીટીઆઈ): ઉત્તર મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના એક ગામમાં મંત્રીની કારના ડ્રાઈવર અને સ્થાનિકોના એક જૂથ વચ્ચે નજીવી તકરારને કારણે થયેલી અથડામણ બાદ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

પાલથી ગામમાં હિંસા દરમિયાન ઘણી દુકાનોને આગ લગાડવામાં આવી હતી અને જાહેર સંપત્તિને નુકસાન થયું હોવાથી અત્યાર સુધીમાં 7 લોકોની ધરપકડ કરવામાં આવી હતી, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મંગળવારે મોડી રાત્રે ગામના કસાઈવાડા વિસ્તારમાં સ્થાનિકોના જૂથ અને રાજ્યના મંત્રી ગુલાબરાવ પાટીલની કારના ડ્રાઈવર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જ્યારે ડ્રાઈવરે હોર્ન વગાડ્યો અને તેમને રસ્તો આપવાનું કહ્યું, એમ તેમણે કહ્યું.

પાટીલ જેઓ શિવસેનાના નેતા અને પાણી પુરવઠા અને સ્વચ્છતા મંત્રી છે તેઓ કારમાં ન હતા, પરંતુ તેમના પરિવારના એક સભ્ય કારમાં સવાર હતા.

જ્યારે તકરાર સ્થળ પર સમાપ્ત થઈ હતી, ત્યારે સ્થાનિક વિસ્તારના કેટલાક લોકો પાછળથી ગામના ચોકમાં ગયા અને વિરોધ પ્રદર્શન કર્યો, અધિકારીએ જણાવ્યું હતું.

ત્યારબાદ અન્ય એક જૂથ ત્યાં પહોંચ્યું હતું, જેના કારણે અથડામણ થઈ હતી જે વહેલી સવાર સુધી ચાલુ રહી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ગામની ઘણી દુકાનો સળગાવવામાં આવી હતી.

ગામમાં ફાયર બ્રિગેડના વાહનોની સાથે વધારાના પોલીસ કર્મચારીઓ, રાજ્ય રિઝર્વ પોલીસ ફોર્સ અને હુલ્લડોને નિયંત્રીત કરતી પોલીસની ટીમો તૈનાત કરવામાં આવી હતી, તેમણે ઉમેર્યું હતું કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે.

## મહારાષ્ટ્રમાં સરપંચની હત્યાના આરોપીઓની ધરપકડની માગ સાથે ગ્રામવાસીઓનું જળ સમાધિ પ્રદર્શન

**એનસીપીના** મંત્રી ધનંજય મુંડેના નજીકના સહયોગી વાલ્મીક કરાડે એક દિવસ પહેલાં આત્મસમર્પણ કર્યું હતું

**પોલીસે** 3 આરોપીઓની ધરપકડ કરી, ત્રણ આરોપીઓ હજુ ફરાર



છત્રપતિ સંભાજીનગર, તા. 1 (પીટીઆઈ): મહારાષ્ટ્રના બીડના એક ગામમાં કેટલાક લોકોએ સરપંચ સંતોષ દેશમુખની ઘાતકી હત્યાના કેસમાં ફરાર આરોપીઓની ધરપકડની માગ સાથે 'જલ સમાધિ' આંદોલન શરૂ કર્યું.

મહારાષ્ટ્ર એનસીપીના મંત્રી ધનંજય મુંડેના નજીકના સહયોગી વાલ્મીક કરાડ, સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણીના કેસમાં વોન્ટેડ છે, તેણે પુણેમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યાના એક દિવસ પછી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેને 14 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો.

બીડના પોલીસ અધિક્ષક નવનીત કંવત પ્રદર્શનકારીઓને મળ્યા હતા અને હત્યા કેસમાં ફરાર આરોપીઓને પકડવા માટે 10 દિવસનો સમય માગ્યો હતો.

ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી) હત્યા અને ખંડણીના કેસની તપાસ કરી રહી છે.

બીડ જિલ્લાના કેજ તાલુકામાં મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું ગયા મહિને અપહરણ કરવામાં આવ્યું હતું અને પવનચક્કી કંપની પાસેથી પૈસાની માગણી કરનારા કેટલાક વ્યક્તિઓ દ્વારા ખંડણીનો વિરોધ કરવા બદલ 9 ડિસેમ્બરના રોજ તેમની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી.

પોલીસે હત્યાના કેસમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે જ્યારે અન્ય ત્રણ આરોપીઓ ફરાર છે. ખંડણીના કેસમાં કરાડ અને વધુ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

બુધવારે, કેટલાય ગ્રામજનો મસાજોગમાં એક તળાવમાં પ્રવેશ્યા અને 'જલ સમાધિ' આંદોલનના ભાગ રૂપે પાણીમાં કમર સુધી પાણીમાં ઊભા રહ્યા, તેમણે હત્યાના કેસમાં ફરાર આરોપીઓની ધરપકડની માગણી કરી હતી.

## લખનૌની હોટલના રૂમમાં આગ્રાના શખસે ચાર બહેનો અને માતાની હત્યા કરી

**બહેનો** અને માતાની હત્યા કર્યા બાદ આરોપીએ વીડિયો શૂટ કર્યો

**સેલ્ફ** શોટ-વીડિયોમાં પડોશીઓ દ્વારા અકલ્પનીય અત્યાચારનો ઉલ્લેખ



લખનૌ, તા. 1 (પીટીઆઈ) : આગ્રાનો એક 24 વર્ષીય વ્યક્તિ તેની માતા અને ચાર બહેનોને અહીંની એક હોટલમાં લઈ ગયો અને બુધવારે અહીંના એક રૂમમાં કથિત રીતે તેમની હત્યા કરી નાખી હતી અને પછી એક કથિત વીડિયો શૂટ કર્યો જેમાં તેણે દાવો કર્યો સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવેલા અકલ્પનીય અત્યાચાર બાદ લાચારી અને નિરાશાને કારણે આ પગલું ભરવાની ફરજ પડી.

સેન્ટ્રલ લખનૌના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) રવીના ત્યાગીએ જણાવ્યું હતું કે, આ ઘટના શહેરના વ્યસ્ત નાકા વિસ્તારમાં આવેલી હોટેલ શરણજીતમાં બની હતી.

ડીસીપીએ કહ્યું, આરોપી મોહમ્મદ અરશદ (24) તરીકે ઓળખાય છે, તેણે કથિત રીતે તેના જ પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી હતી. આ ધૃણાસ્પદ કૃત્ય બાદ સ્થાનિક પોલીસે આરોપીને ગુનાના સ્થળેથી તરત જ પકડી લીધો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ આલિયા (9), અલશિયા (19), અક્સા (16) અને રહેમિન (18) તરીકે કરવામાં આવી છે - આ તમામ અરશદની બહેનો છે - અને તેની માતા અસમા.

ડીસીપીએ જણાવ્યું કે, અરશદનો પરિવાર આગ્રામાં રહેતો હતો અને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, તેણે ઘરેલું વિવાદને કારણે આ પગલું ભર્યું હતું.

આ ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવ્યાના થોડા જ સમયમાં સોશિયલ મીડિયા પર કથિત વીડિયો સામે આવ્યો હતો જેમાં અરશદે તેની બહેનો અને માતાના કાંડા અને ગળા કાપ્યાની કબૂલાત કરી હતી.

6.5 મિનિટના સેલ્ફી વીડિયોમાં અરશદે દાવો કર્યો હતો કે, તેના પિતા પણ હત્યામાં સામેલ હતા. મદદનીશ પોલીસ કમિશનર ધર્મેન્દ્ર કુમાર સિંહે જણાવ્યું હતું કે, ''પિતા અને હત્યામાં તેની ભૂમિકાની શોધ ચાલી રહી છે.''

ત્યાગીએ જણાવ્યું હતું કે, પુરાવા એકત્ર કરવા માટે ક્રાઈમ સ્પોટ પર ફોરેન્સિક ટીમો તૈનાત કરવામાં આવી છે, જ્યારે આ મામલે વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.

અરશદે દાવો કર્યો હતો કે તેના વિસ્તારના રહેવાસીઓ દ્વારા ઉત્પીડન અને દમનને કારણે તેણે આ આત્યંતિક પગલું ભર્યું હતું.

## ડ્રગ જપ્તીના કેસમાં 8 પાકિસ્તાની નાગરિકોને 20 વર્ષની સજા

**2015માં** ગુજરાતના દરિયાકાંઠે ભારતીય કોસ્ટ ગાર્ડે રૂ. 6.96 કરોડની કિંમતનું 232 કિલો હેરોઇન જપ્ત કર્યું હતું

**કોર્ટે** કહ્યું, તેમનો આદેશ દુશ્મન રાષ્ટ્ર માટે પાઠ છે

મુંબઈ, તા. 1 (પીટીઆઈ) : અહીંની એક અદાલતે બુધવારે 200 કિલો ડ્રગ જપ્ત કરવાના કેસમાં આઠ પાકિસ્તાની નાગરિકોને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે નોંધ્યું છે કે, આ ચુકાદો શત્રુ રાષ્ટ્ર માટે જીવન જોખમી અને સ્વાસ્થ્યને અસર કરતા પ્રતિબંધિત પદાર્થોની ભારતમાં નિકાસ કરવાથી દૂર રહેવાનો પાઠ હોવો જોઈએ.

ગુજરાતના દરિયાકાંઠે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા 2015માં રૂ. 6.96 કરોડની કિંમતના 232 કિલો હેરોઇન સાથે ધરપકડ કરાયેલા આરોપીઓને ડ્રગ વિરોધી કાયદા હેઠળ કરેલા ગુનાઓ માટે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળના કેસના સ્પેશિયલ જજ શશિકાંત બાંગર દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

તેઓને 20 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, જે એનડીપીએસ એક્ટ હેઠળ મહત્તમ સજા છે અને દરેક પર 6 લાખ રૂપિયાનો દંડ પણ લાદવામાં આવ્યો હતો.

તે દોષિતોની ઓળખ અલીબક્ષ સિંધી (48), મકસુદ માસીમ (54), મોહમ્મદ નાથો સિંધી (55), મોહમ્મદ અહમદ ઇનાયત (37), મોહમ્મદ યુસુફ ગગવાની (58), મોહમ્મદ યુનુસ સિંધી (44), મોહમ્મદ ગુલહસન બલોચ (40) અને ગુલહાસન સિંધી (50) તરીકે થઈ હતી.

કોર્ટે, તેના આદેશમાં, નોંધ્યું હતું કે, ''જો આરોપીઓ ભારતમાં પ્રતિબંધિત સામગ્રીના વ્યવસાયિક જથ્થાને પરિવહન અને આયાત કરવામાં સફળ થયા હોત તો તે તેના વિતરણ અને વેચાણ માટે ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો થયો હોત.''

## સ્વિટ્ઝર્લેન્ડમાં આજથી બુરખા પહેરવા પર પ્રતિબંધ

**કાયદો** તોડવા બદલ 96 હજારનો દંડ, આમ કરનાર 7મો યુરોપિયન દેશ બન્યો

નવી દિલ્હી, તા. 1 : સ્વિટ્ઝર્લેન્ડમાં આજથી જાહેર સ્થળોએ મહિલાઓને હિજાબ, બુરખા અથવા અન્ય કોઈપણ માધ્યમથી તેમના ચહેરાને સંપૂર્ણપણે ઢાંકવા પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ કાયદાનું ઉલ્લંઘન કરવા પર 1000 સ્વિસ ફ્રેંક એટલે કે અંદાજે 96 હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

સ્વિટ્ઝર્લેન્ડમાં 2021માં યોજાયેલા જનમત સંગ્રહમાં 51.21% નાગરિકોએ બુરખા પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં મતદાન કર્યું હતું. આ પછી બુરખા પર પ્રતિબંધને લઈને કાયદો બનાવવામાં આવ્યો, જેનો અમલ આજથી એટલે કે 1 જાન્યુઆરી 2025 (નવું વર્ષ)થી શરૂ થયો છે.

સ્વિત્ઝર્લેન્ડ પહેલા બેલ્જિયમ, ફ્રાન્સ, ડેનમાર્ક, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ અને બલ્ગેરિયામાં પણ આ અંગેના કાયદાઓ બન્યા છે. આ કાયદા બાદ મહિલાઓ સાર્વજનિક ઓફિસો, પબ્લિક ટ્રાન્સપોર્ટ, રેસ્ટોરાં, દુકાનો અને અન્ય જગ્યાઓ પર પોતાનો ચહેરો સંપૂર્ણપણે ઢાંકી શકશે નહીં.

2022માં સ્વિસ સંસદના નીચલા ગૃહે રાષ્ટ્રીય પરિષદમાં ચહેરા ઢાંકવા પર પ્રતિબંધ મૂકવાના કાયદા પર મતદાન કર્યું હતું. આ દરમિયાન 151 સભ્યોએ તરફેણમાં અને 29 સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું. જે બાદ આ અંગે કાયદો બનાવવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્રમાં ગેરકાયદે રહેવા બદલ 16 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ

મુંબઈ/થાણે, તા. 1 (પીટીઆઈ) : મહારાષ્ટ્ર પોલીસે મુંબઈ, થાણે અને રાજ્યના અન્ય ત્રણ જિલ્લામાં ગેરકાયદે રહેતા 16 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

એક વિશેષ અભિયાનના ભાગરૂપે મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)એ સ્થાનિક પોલીસની મદદથી છેલ્લા ચાર દિવસમાં મુંબઈ, નાસિક, નાંદેડ અને છત્રપતિ સંભાજીનગરમાંથી નવ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી - આઠ પુરુષ અને એક મહિલા -એ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને આધાર કાર્ડ મેળવ્યા હતા. અધિકારીએ ઉમેર્યું હતું કે, પોલીસે તેમની સામે ફોરેનર્સ એક્ટ અને અન્ય સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ પાંચ કેસ નોંધ્યા છે. આ સાથે એટીએસે વિશેષ અભિયાનના ભાગરૂપે ગયા મહિને 19 કેસમાં 43 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. એમ અધિકારીએ જણાવ્યું હતું.

અન્ય એક કાર્યવાહીમાં રાજ્યના થાણે જિલ્લામાં પોલીસે, મંગળવારે એક સૂચના મળ્યા બાદ માનકોલી વિસ્તારમાં પ્રેરણા કોમ્પ્લેક્સના એક ગોડાઉન પર દરોડો પાડ્યો અને ત્યાં કામ કરતા સાત બાંગ્લાદેશી વ્યક્તિઓ મળી આવ્યા.

નારપોલી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 26થી 54 વર્ષની વય જૂથના આરોપી ભારતમાં રહેવા માટે કોઈ માન્ય દસ્તાવેજો રજૂ કરી શક્યા નથી.

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કાશ્મીરમાં તાજી હિમવર્ષા થવાની સંભાવના

શ્રીનગર, તા. 1 (પીટીઆઈ) : અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઠંડીની સ્થિતિએ કાશ્મીર પર તેમની પકડ વધુ કડક બનાવી છે, ખીણ હિમવર્ષાના તાજા સ્પેલની સંભાવના છે. કારણ કે, બુધવારથી સતત બે પશ્ચિમી વિક્ષેપના કારણે પ્રદેશ પ્રભાવિત થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 1 થી 2 જાન્યુઆરી સુધી જમ્મુ અને કાશ્મીરમાં કમજોર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને અસર થવાની ધારણા છે, જેના કારણે બુધવાર સાંજથી ગુરુવાર સવાર સુધી છૂટાછવાયા સ્થળોએ હળવી હિમવર્ષા થઈ શકે છે.

3-6 જાન્યુઆરી સુધી મધ્યમ પશ્ચિમી વિક્ષેપના કારણે રાજ્યના મોટા ભાગના સ્થળોએ હળવાથી મધ્યમ હિમવર્ષા થવાની સંભાવના છે, જ્યારે 4-6 જાન્યુઆરી સુધી હિમવર્ષાની વધુ ઘટનાઓ બનશે.

હવામાન વિભાગે ઉમેર્યું હતું કે, બીજા સ્પેલ દરમિયાન ઉચ્ચ વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ભારે હિમવર્ષા થવાની સંભાવના છે.

દરમિયાન કાશ્મીરમાં મોટા ભાગના સ્થળોએ રાત્રિના તાપમાનમાં ઘટાડો થયો હતો. કારણ કે, ઠંડીની સ્થિતિએ ખીણ પર તેમની પકડ મજબૂત કરી છે.

ઉત્તર કાશ્મીરમાં સ્કીઈંગ પ્રવૃત્તિઓ માટે જાણીતા પ્રવાસી રિસોર્ટ ટાઉન ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન માઈનસ 8.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આગલી રાતના માઈનસ 11.5 ડિગ્રી સેલ્સિયસથી વધુ હતું. એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. ખીણમાં ગુલમર્ગ સૌથી ઠંડુ નોંધાયેલું સ્થળ હતું.

હવામાન વિભાગે કહ્યું હતું કે, દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટેના બેઝ કેમ્પ પૈકીના એક પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ 7.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શ્રીનગરમાં મંગળવારે રાત્રે પારો માઈનસ 4.4 ડિગ્રી સેલ્સિયસ થઈ ગયો હતો, જે આગલી રાતના માઈનસ 3.5 ડિગ્રી સેલ્સિયસથી નીચે હતો. એમ હવામાન વિભાગે ઉમેર્યું હતું.